| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૦૩-૧૨-૨૦૨૫ | | |
| દાખલ તારીખ | : | ૦૩-૧૨-૨૦૨૫ | | |
| નિકાલ તારીખ | : | ૧૬-૦૩-૨૦૨૬ | | |
| અવધિ | : | ૦૦ | ૦૩ | ૧૩ |

# ચાણસ્માના પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ચાણસ્મા.

રેગ્યુલર દિવાની મુકદમા નં. :: ૧૯૬/૨૦૨૫

આંક ::૨૫

**વાદી** ::- નાયી ગીરધરભાઈ રામાભાઈ ઉ.વ.આ.૬૬,
રહે. પટણીની ખડકી, ખોડીયાર માતામંદિરની સામે, ભડથીયા વાસ,
ચાણસ્મા, તા. ચાણસ્મા જી. પાટણ

**// વિરૂદ્ધ //**

**પ્રતિવાદી** ::- જન્મ / મરણ નોંધણી અધિકારી વ ચીફ ઓફીસરશ્રી,
ચાણસ્મા નગરપાલિકા, મુ. ચાણસ્મા, તા. ચાણસ્મા, જી.પાટણ.

**બાબત** : ડેકલેરેશન મળવા અંગેનો દાવો...

| |
|---|
| વાદી તરફે વિ.વ.શ્રી જે.વી.ચૌધરી |
| પ્રતિવાદી જાતે, |

## // ચુકાદો //

(૧).. વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં વાદીનું ગામ ચાણસ્મા, તા. ચાણસ્મા, જી.પાટણ છે. અને હાલમાં પરીવાર સાથે ઉપરોક્ત સરનામે રહે છે. વાદીના કુટુંબીભાઈના લગ્નજીવનથી ૨ બાળકોનો જન્મ થયેલો. જે પૈકી વાદીની ભત્રીજી મીનાબેનનો જન્મ તારીખ ૦૯/૦૧/૧૯૬૨ ના રોજ ચાણસ્મા, તા. ચાણસ્મા જિ. પાટણ મુકામે થયેલો, તેમજ પિતાનુ નામ “ભોગીલાલ છગનલાલ નાયી“, તથા માતાનુ નામ “ડાહીબેન“ છે. જે તે વખતે રજીસ્ટરે નોંધણી ક્રમાંક ૨૦ થી નોંધ થયેલ. જેમાં શરતચુકથી નામ "નથી", જન્મતારીખના કોલમમાં “૧૭/૦૧/૧૯૬૨”, માતાના નામમાં "ડાહી" તથા પિતાનું નામ “ભોગીલાલ છગનલાલ નાઈ” તથા જન્મસ્થળના કોલમમાં “સિપાઈ વાસ” એમ નોંધાયેલ. વાદીની ભત્રીજીને પાસપોર્ટ, વિઝાની કાર્યવાહી માટે શાળા છોડ્યાના પ્રમાણપત્ર તથા જન્મના પ્રમાણપત્રમાં જન્મતારીખ તથા નામની

વિગતો એક સમાન હોવી જરૂરી છે. જેથી સદર વિગતોમાં સુધારો કરવા સારુ અરજ આપતા પ્રતિવાદી સંસ્થાએ સદર સુધારો કરી શકાય નહી તેવો જવાબ આપેલો. જેથી માંગ્યા મુજબનો સુધારો કરવા હાલનો દાવો કરેલ છે.

(૨).. આ કામનાં પ્રતિવાદીને દાવાની કાયદેસરની નોટિસ બજેલ છે અને પ્રતિવાદીએ આંક ૦૬ થી વાંધાજવાબ રજુ કરેલા છે જે ધ્યાને લેતાં પ્રતિવાદીએ મહત્વપુર્ણ રીતે વાદીના દાવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેમને આ અંગે આવી કોઈ નોંધણી કરવાનું નામદાર કોર્ટના આદેશ વિના કોઈ સતા ન હોવાનું જણાવેલ છે પરંતુ તેઓ જાતે સુધારો વધારો કરી શકતા નથી તેવુ જણાવેલ છે.

(3).. ત્યારબાદ આ કામે મારા નિર્ણય માટે આંક: ૭ થી મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

**1**.શું વાદી સાબિત કરે છે કે, તેમની ભત્રીજીનું નામ "મીનાબેન", જન્મ તારીખ "૦૯/૦૧/૧૯૬૨", માતાનું નામ "ડાહીબેન", પિતાનું નામ "ભોગીલાલ છગનલાલ નાયી" તથા જન્મ સ્થળ "મોજે ચાણસ્મા, તા. ચાણસ્મા, જી. પાટણ" છે અને તેમની ભત્રીજીના જન્મના પ્રમાણપત્રમાં નામના કોલમમાં "નથી", જન્મતારીખના કોલમમાં "૧૭/૦૧/૧૯૬૨", માતાના નામના કોલમમાં "ડાહી", પિતાના નામના કોલમમાં "ભોગીલાલ છગનલાલ નાઇ" તથા જન્મ સ્થળના કોલમમાં "સિપાઇ વાસ" શરતચુકથી લખાયેલ છે અને શુ તે પ્રમાણેનો સુધારો કરાવવા વાદી હકકદાર છે ?

**2**. શું વાદી દાવામાં માંગ્યા મુજબ દાદ મેળવવા હકકદાર છે ?

**3**. શું હુકમ અને હુકમનામું ?

(૪).. ઉપરોક્ત મુદ્દાનાં મારા નિર્ણય નીચે જણાવેલા કારણોસર આ પ્રમાણે છે.

**1**.હકારમાં.

**2**.હકારમાં.

**3.**આખરી હુકમ મુજબ.

(૫).. વાદી તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૮ | વાદીનું સરતપાસનું સોગંદનામુ |
| ૨ | ૯ | વાદીના સાહેદ પારેખ મીનાબેન ભોગીલાલ છગનલાલનું સરતપાસનું સોગંદનામુ |
| ૩ | ૧૦ | વાદીના સાહેદ નાયી દશરથભાઈ મોહનભાનાયી દશરથભાઈ મોહનભાઈઈનું સરતપાસનું સોગંદનામુ |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૨ | વાદીની ભત્રીજીના જન્મ પ્રમાણપત્રની નકલ |
| ૨ | ૧૩ | જન્મ પ્રમાણપત્ર માં સુધારો કરવા આપેલ અરજ |
| ૩ | ૧૪ | જન્મ દાખલામાં સુધારો કરી ન શકાય તે મુજબનો દાખલો |
| ૪ | ૧૫ | વાદીના ભત્રીજીના પાસપોર્ટની નકલ |
| ૫ | ૧૬ | વાદીની ભત્રીજીના પાનકાર્ડની નકલ |
| ૬ | ૧૭ | વાદીની ભત્રીજીના આધારકાર્ડની નકલ |
| ૭ | ૧૮ | વાદીના ભત્રીજીના ભાણી પ્રિયંકાબેનના પાસપોર્ટની નકલ |
| ૮ | ૧૯ | વાદીના આધારકાર્ડની નકલ |
| ૯ | ૨૦ | જાહેર નોટીસ |
| ૧૦ | ૨૧ | જાહેર નોટીસ બીલ |

(૬).. પ્રતિવાદીઓ તરફે કોઈ લેખીત કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. પ્રતિવાદી સંસ્થા દ્વારા વાદીના સોહેદો તપાસવા માંગતા ન હોવાની આંક ૨૨ થી પુરસીસ રજુ રાખેલ છે જેથી વાદીએ આંક ૨૩ થી પુરાવો પુરો થયા અંગે કલોઝીંગ પુરસીસ આપેલ છે તેમજ પ્રતિવાદીએ પણ આંક ૨૪ થી પોતાનો પુરાવો પુરો થયા અંગે કલોઝીંગ પુરસીસ આપી પોતે કોઈ પુરાવો ન આપવા માંગતા હોવાનું જાહેર કરી આપેલ છે.

**<u>દલીલો</u>** ::-

આ કામે વાદીએ પોતે જે દાવા અરજી લાવેલ છે તે અંગે ઉપરોક્ત જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલા છે અને પ્રોવાનો દાવો સાબિત કરેલ હોઈ જેથી દાવમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર હોઈ જેથી વાદી પોતાને દાવો સાબિત કરેલ હોઈ જે ધ્યાને લઈ દાવો મંજર કરી દાવામાં માંગ્યા મુજબની દાદ આપવા હુકમ કરવા અરજ ગુજારેલ છે.

જયારે પ્રતિવાદી જાતે હાજર રહી પોતે આંક-૬ થી રજુ રાખેલ પોતાના દાવા જવાબમાં જણાવ્યા મુજબ જ પોતાની દલીલ છે તેવું જણાવેલ છે.

**<u>:: કારણો::</u>**

**<u>મુદ્દા નંબર - ૧ થી ૩ ::-</u>**

(૭) આ કામે તમામ મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોવાથી પુનરાવર્તન ટાળવાનાં હેતુથી તમામ મુદ્દાની ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે.

(૮) આ કામે ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ તથા ૧૦૨ મુજબ આ મુદ્દાઓ સાબિત કરવાનો બોજો આ કામનાં વાદી ઉપર છે અને તે હકીકત ધ્યાને લેતાં, સૌ પ્રથમ તો વાદીની

ભત્રીજીનું નામ તથા જન્મ તારીખ તથા જન્મસ્થળ તથા માતા-માતાનું નામ શું છે અને માંગ્યા મુજબના નામ જ સાચા છે કે કેમ તે વિચારવાનું રહે છે. વાદીએ આ અંગે તેની દાવા અરજીના સમર્થનમાં પોતે મૌખિક પુરાવો આપેલ છે તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલા છે જે ધ્યાને લેવામાં આવે તો વાદીની ભત્રીજીના જન્મના પ્રમાણપત્રની નકલ, આધારકાર્ડની નકલ, પાનકાર્ડની નકલ વિગેરે રજુ રાખવામાં આવેલ છે જે તમામ દસ્તાવેજો સરકારી દસ્તાવેજો છે. જેમાં વાદીની ભત્રીજીનું સાચુ નામ "મીનાબેન", જન્મ તારીખ "૦૯/૦૧/૧૯૬૨" માતાનું નામ "ડાહીબેન" તથા પિતાનું નામ "ભોગીલાલ છગનલાલ નાયી", જન્મ સ્થળ "મોજે ચાણસ્મા તા.ચાણસ્મા જી.પાટણ" લખેલ છે, જે નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી.

વધુમાં હવે વાદીની ભત્રીજીના જન્મની નોંધણી ચાણસ્મા નગરપાલીકાના રજીસ્ટરે નોંધણી ક્રમાંક ૨૦ થી થયેલ છે જેમાં નામમાં **"નથી", જન્મતારીખ "૧૭/૦૧/૧૯૬૨", માતાનું નામ "ડાહી" તથા પિતાનું નામ "ભોગીલાલ છગનલાલ નાઈ",જન્મસ્થળમાં "સિપાઈ વાસ"** લખાયેલ છે, જયારે તે સિવાયના તમામ દસ્તાવેજો જોવામાં આવે તો તેમાં વાદીની ભત્રીજીનું સાચુ **નામ "મીનાબેન", જન્મતારીખ "૦૯/૦૧/૧૯૬૨", માતાનું નામ "ડાહીબેન" તથા પિતાનું નામ "ભોગીલાલ છગનલાલ નાયી", જન્મસ્થળ "મોજે ચાણસ્મા તા.ચાણસ્મા જી.પાટણ"** લખવામાં આવેલ છે. વાદીએ આ અંગે સોગંદ ઉપર સરતપાસથી મૌખિક પુરાવો આપેલ છે તથા તેના સાહેદ તરીકે વાદીના સગાની સોગંદ ઉપર સરતપાસ આપેલ છે. વાદીઓની ઉપરોક્ત હકીકતને પ્રતિવાદી તરફથી કોઈ જ રીતે પડકારવામાં આવેલ નથી કે વિરુધ્ધનો કોઈ પુરાવો પણ રજુ થયેલ નથી.

(૯) વધુમાં વાદીએ પોતાની દાવા અરજી આંક-૦૧ તથા સોગંદનામું આંક-૮ માં સ્પષ્ટ રીતે જણાવેલ છે કે, આ કામનાં વાદીનું ગામ ચાણસ્મા, તા. ચાણસ્મા, જી.પાટણ છે. અને હાલમાં પરીવાર સાથે ઉપરોક્ત સરનામે રહે છે. વાદીના કુટુંબીભાઈના લગ્નજીવનથી ૨ બાળકોનો જન્મ થયેલો. જે પૈકી વાદીની ભત્રીજી મીનાબેનનો જન્મ તારીખ ૦૯/૦૧/૧૯૬૨ ના રોજ ચાણસ્મા, તા. ચાણસ્મા જિ. પાટણ મુકામે થયેલો, તેમજ પિતાનુ નામ "ભોગીલાલ છગનલાલ નાયી", તથા માતાનુ નામ "ડાહીબેન" છે. જે તે વખતે રજીસ્ટરે નોંધણી ક્રમાંક ૨૦ થી નોંધ થયેલ. જેમાં શરતચુકથી નામ "નથી", જન્મતારીખના કોલમમાં "૧૭/૦૧/૧૯૬૨", માતાના નામમાં "ડાહી" તથા પિતાનું નામ "ભોગીલાલ છગનલાલ નાઈ" તથા જન્મસ્થળના કોલમમાં "સિપાઈ વાસ" એમ નોંધાયેલ. વાદીની ભત્રીજીને પાસપોર્ટ, વિઝાની કાર્યવાહી માટે શાળા છોડ્યાના પ્રમાણપત્ર તથા જન્મના પ્રમાણપત્રમાં જન્મતારીખ તથા નામની વિગતો એક સમાન હોવી જરૂરી છે. જેથી સદર વિગતોમાં સુધારો કરવા સારુ અરજ આપતા પ્રતિવાદી સંસ્થાએ સદર સુધારો કરી શકાય નહી તેવો જવાબ આપેલો. જેથી માંગ્યા મુજબનો સુધારો કરવા હાલનો દાવો કરેલ છે.

વાદીના સાહેદ પારેખ મીનાબેન ભોગીલાલ છગનલાલનું સોગંદનામું આંક-૯ થી તથા સાહેદ નાયી દશરથભાઈ મોહનભાઈનું સોગંદનામું આંક-૧૦ થી રજુ થયેલ છે જેમાં સ્પષ્ટ રીતે જણાવેલ છે કે, વાદીની ભત્રીજી નું સાચુ **નામ "મીનાબેન", જન્મતારીખ "૦૯/૦૧/૧૯૬૨", માતાનું નામ "ડાહીબેન" તથા પિતાનું નામ "ભોગીલાલ છગનલાલ નાયી", જન્મસ્થળ "મોજે ચાણસ્મા તા.ચાણસ્મા જી.પાટણ"** છે જે તે વખતે શરતચુકથી તેમની વિગતોમાં નામમાં **"નથી",**

**જન્મતારીખ "૧૭/૦૧/૧૯૬૨", માતાનું નામ "ડાહી" તથા પિતાનું નામ "ભોગીલાલ છગનલાલ નાઈ",જન્મસ્થળમાં "સિપાઈ વાસ"** લખવામાં આવેલ અને તે મુજબ જન્મની નોંધણી થઈ ગયેલ છે. તેમના જન્મના પ્રમાણપત્ર, આધારકાર્ડ વિગેરે સરકારી દસ્તાવેજોમાં તથા અન્ય જગ્યાએ વાદીની ભત્રીજીનું નામ **નામ "મીનાબેન", જન્મતારીખ "૦૯/૦૧/૧૯૬૨", માતાનું નામ "ડાહીબેન" તથા પિતાનું નામ "ભોગીલાલ છગનલાલ નાયી", જન્મસ્થળ "મોજે ચાણસ્મા તા.ચાણસ્મા જી.પાટણ"** ચાલે છે અને તેના સમર્થનમાં સોગંદ ઉપર જુબાની આપતા હોવાનું આંક ૦૮ ના સોગંદનામામાં જણાવેલ છે.

વધુમાં આ અંગે વાદી દ્વારા લોકલ ન્યુઝ પેપર "રત્નમણી" માં વાદીએ કરેલ દાવા તથા તેમાં માંગેલ દાદ બાબતે પબ્લીક નોટીસ પ્રસિધ્ધિ કરવામાં આવેલ હતી જે આ કામે આંક ૨૦ થી રજુ છે. સદર પબ્લીક નોટીસ અન્વયે કોઈ પણ વ્યક્તિને વાદીના આ દાવા અંગે કોઈપણ જાતનો વાંધો કે તકરાર હોઈ તો જાતે અથવા તેમના વકીલશ્રી દ્વારા હાજર રહેવા જણાવેલ હોવા છતાં કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈ પણ જાતનો વાંધો કે તકરાર આજદીન સુધી આવેલ નથી. જેથી વાદીના આ દાવાને કોઈપણ રીતે હાલના પ્રતિવાદી સંસ્થા સિવાય અન્ય કોઈ વ્યક્તિ કે સંસ્થાએ પણ પડકારેલ નથી.

સદર વાદી તથા વાદીના સાહેદો ની પ્રતિવાદી દ્વારા કોઈ ઉલટતપાસ લેવામાં આવેલ નથી કે તેઓ ઉલટતપાસ લેવા માંગતા પણ નથી. જેથી પ્રતિવાદી સંસ્થા વાદી દ્વારા જણાવેલ હકીકતોનું કોઈપણ રીતે ખંડન કરી શકેલ નથી કે કોઈ ખંડનાત્મક પુરાવો રેકર્ડ પર લાવવામાં સફળ રહેલા નથી. ફક્ત પ્રતિવાદીએ પોતે આંક ૦૬ થી જવાબ રજુ રાખેલ છે તેમજ આંક ૨૪ થી પોતે કલોઝીંગ પુરસીસ આપેલ છે અને પ્રતિવાદીએ જાતે સોગંદ પર કોઈ પુરાવો આપેલ નથી કે વાદીએ સોગંદ ઉપર આપેલ પુરાવા અંગે કોઈ ઉલટતપાસ કરેલ નથી કે આ અંગે કોઈ ખંડનાત્મક પુરાવો પણ રેકર્ડ પર લાવેલ નથી. જે તમામ સંજોગો ધ્યાને લેતા વાદી તથા તેમના સાહેદ કે જેઓ વાદીના સગા છે તેઓએ જે સોગંદનામા પર સરતપાસ આપેલ છે તે નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. વધુમાં વાદી દ્વારા તેમના ભત્રીજીના પાનકાર્ડ તથા આધારકાર્ડ વિગેરે સરકારી દસ્તાવેજો પુરાવા તરીકે હાલની દાવા અરજી સાથે રજુ રાખેલા છે. જે હાલના કામે આંક ૧૨ થી ૨૧ સુધી રજુ છે જે તમામ દસ્તાવેજો વંચાણે લેતા તેમાં વાદીનું સાચુ નામ **નામ "મીનાબેન", જન્મતારીખ "૦૯/૦૧/૧૯૬૨", માતાનું નામ "ડાહીબેન" તથા પિતાનું નામ "ભોગીલાલ છગનલાલ નાયી", જન્મસ્થળ "મોજે ચાણસ્મા તા.ચાણસ્મા જી.પાટણ"**દર્શાવેલ છે. જે તમામ દસ્તાવેજો સરકારી દસ્તાવેજો અને પબ્લીક ડોક્યુમેન્ટસ છે જેથી આ દસ્તાવેજો નહી માનવાને પણ કોઈ કારણ રહેતુ નથી. જેથી આવા સંજોગોમાં જયારે આવા દસ્તાવેજો રેકર્ડ પર હોઈ અને સદર દસ્તાવેજો સરકારી દસ્તાવેજો કે પબ્લીક ડોક્યુમેન્ટસ હોઈ જેથી સાચા અને કાયદેસરના હોવાનું માનવાને કારણ રહે છે અને વિરુધ્ધનું કાઈ રેકર્ડ પર ન આવતુ હોઈ ત્યારે આવા દસ્તાવેજો નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. જેથી સદર કામે રજુ થયેલ આંક ૧૨ થી ૨૧ વાળા દસ્તાવેજો સાચા અને કાયદેસરના હોવાનું માનવાપાત્ર રહે છે અને જેના આધારે વાદીની ભત્રીજીનું સાચુ નામ **નામ "મીનાબેન", જન્મતારીખ "૦૯/૦૧/૧૯૬૨", માતાનું નામ "ડાહીબેન" તથા પિતાનું નામ "ભોગીલાલ છગનલાલ નાયી", જન્મસ્થળ "મોજે ચાણસ્મા તા.ચાણસ્મા જી.પાટણ"** હોવાનું પુરવાર કરવામાં સફળ રહેલા છે.

જયારે વાદીએ પ્રથમ મુદો પુરવાર કરેલ હોઈ અને વાદીની ભત્રીજીનું સાચુ **નામ "મીનાબેન", જન્મતારીખ “૦૯/૦૧/૧૯૬૨“, માતાનું નામ "ડાહીબેન" તથા પિતાનું નામ "ભોગીલાલ છગનલાલ નાયી", જન્મસ્થળ “મોજે ચાણસ્મા તા.ચાણસ્મા જી.પાટણ“** હોવાનું પુરવાર કરતા હોઈ જેથી તેમના જન્મના પ્રમાણપત્રમાં આ અંગેનો સુધારો કરાવવો જરૂરી છે તેવુ અત્રેની અદાલતનું માનવુ છે. જેથી આ અંગેનો સુધારો કરાવવા વાદી હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

આ કામે વાદીએ આંક- ૧૨ થી પોતાની ભત્રીજીના જન્મની નોંધણીનું પ્રમાણપત્ર રજુ કરેલ છે, જેમાં નામમાં **"નથી", જન્મતારીખ “૧૭/૦૧/૧૯૬૨“, માતાનું નામ "ડાહી" તથા પિતાનું નામ “ભોગીલાલ છગનલાલ નાઈ”,જન્મસ્થળમાં “સિપાઈ વાસ“** હોવાનું સ્પષ્ટ ફલિત થાય છે. હવે જયારે વાદી દ્વારા મુદા નં. ૧ પરત્વે પુરતો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે અને પ્રતિવાદી દ્વારા તેનું કોઈપણ રીતે ખંડન કરેલ નથી કે અન્ય કોઈ ખંડનાત્મક પુરાવો આપવામાં આવેલ નથી. વધુમાં પબ્લીક નોટીસની પણ પ્રસિદ્ધી કરી દેવામાં આવેલ છે જે આ કામે આંક ૨૦ થી રજુ છે તે પરત્વે પણ કોઈપણનો કોઈ વાંધો કે તકરાર આવેલ નથી. આવા સંજોગોમાં જયારે વાદી તેમની ભત્રીજીના જન્મ પ્રમાણપત્રમાં લખેલ નામ તથા માતા પીતાના નામ ખોટા અને શરતચૂકથી લખાયેલ હોવાનું અને વાદીની ભત્રીજીનું સાચુ નામ **નામ "મીનાબેન", જન્મતારીખ “૦૯/૦૧/૧૯૬૨“, માતાનું નામ "ડાહીબેન" તથા પિતાનું નામ "ભોગીલાલ છગનલાલ નાયી", જન્મસ્થળ “મોજે ચાણસ્મા તા.ચાણસ્મા જી.પાટણ“** હોવાનું સાબીત કરવામાં સફળ રહેલા છે. વાદીની ઉપરોકત તમામ હકીકતોને પ્રતિવાદી કે ખંડનાત્મક પુરાવાથી કોઈ જ રીતે પડકારવામાં આવેલ નથી. વધુમાં સિવિલ પ્રોસીજર કોડની કલમ-૯ મુજબ આ પ્રકારના દાવા ચલાવવાની અદાલતને સત્તા પ્રાપ્ત થયેલ છે. આવા કિસ્સામાં જયારે વાદીએ પોતાની દાવા અરજીમાં જણાવેલ તમામ હકીકતો પુરવાર કરેલ હોઈ, તે સંજોગોમાં વાદી તેમની પુત્રીના જન્મના પ્રમાણપત્રમાં નામ તથા માતા-પીતાનું નામના કોલમમાં માંગ્યા મુજબનો સુધારો કરવાનો હુકમ કરવો ન્યાયી અને વ્યાજબી જણાય આવે છે. આમ, વાદી પોતાનો દાવો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવામાં સફળ રહેલા હોય ત્યારે વાદી દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા પણ હકદાર બને છે. જેથી મુદ્દા નં.૧ થી ૨ નો જવાબ હકારમાં આપુ છું અને મુદ્દા નં.૩ પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

**(૧)** વાદીનો દાવો આથી મંજુર કરવામાં આવે છે.

**(૨)** વાદીની રજુ રાખવામા આવેલ મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવાઓને લક્ષમાં લેતાં વાદીની ભત્રીજીનું સાચુ **નામ "મીનાબેન", જન્મતારીખ “૦૯/૦૧/૧૯૬૨“, માતાનું નામ "ડાહીબેન" તથા પિતાનું નામ "ભોગીલાલ છગનલાલ નાયી", જન્મસ્થળ “મોજે ચાણસ્મા તા.ચાણસ્મા જી.પાટણ“** હોવાનું ઠરાવવામાં આવે છે.

**(૩)** આથી પ્રતિવાદી સંસ્થાને આદેશ આપવામાં આવે છે કે, વાદીની ભત્રીજીના જન્મના પ્રમાણપત્ર નોંધ નં. ૨૦ માં નામના કોલમમાં "નથી" ની જગ્યાએ **"મીનાબેન"**, જન્મતારીખ માં “૧૭/૦૧/૧૯૬૨” ની જગ્યાએ **“૦૯/૧/૧૯૬૨”**, માતાના નામના કોલમમાં "ડાહી" ને બદલે **"ડાહીબેન"** તથા પિતાના નામના કોલમમાં “ભોગીલાલ છગનલાલ નાઈ” ની જગ્યાએ

**"ભોગીલાલ છગનલાલ નાયી",** જન્મ સ્થળ માં “સિપાઈવાસ“ ની જગ્યાએ **“મોજે ચાણસ્મા તા.ચાણસ્મા જી.પાટણ“** તે રીતેનો સુધારો કરવો અને સુધારો કર્યા બાદ ફરી નવો જન્મનો દાખલો કાઢી આપવો. આ સંબંધી નિયમ મુજબ જે કોઇ ફી ચાર્જ વસુલ લેવામાં આવે તે વાદીએ પ્રતિવાદી સંસ્થાને ચુકવવાની રહેશે.

**(૪)** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**(૫)** હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજરોજ તારીખ **૧૬** મી માહે **માર્ચ** સને **૨૦૨૬** નાં રોજ ચાણસ્મા મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

DATE: 16-03-2026

PLACE: CHANASMA

[UMARKHAN GULHAMIDKHAN PATHAN]
PRINCIPAL CIVIL JUDGE,
CHANASMA-GJ-01574.